રાજપીપળા નગર પાલિકાના પૂર્વ ઉપપ્રમુખ અને મુસ્લિમ અગ્રણીનું નિધન

રાજપીપલા,તા.૨૭

રાજપીપળા મુસ્લિમ સમાજના આગેવાન અને નગરપાલિકામા ચાર ટર્મથી સેવા આપનાર યુસુફભાઈ દાઉદભાઈ સોલંકીનું આજે વહેલી સવારે હૃદયરોગ ના હુમલાથી અવસાન થયું હતું તેમની પત્ની ૩ દિવસ પહેલા કોરોના પોઝિટિવ આવતા તેમને ભક્ષક્ષામ ૧૯ હોસ્પિટલ માં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા ત્યાંથી વધુ સારવાર માટે વડોદરાની ખાનગી હોસ્પિટલ માં લઇ જવાયા હતા. ગઈ કાલે આરોગ્ય વિભાગ ના રિપોર્ટ મા તેમનો રેપિડ ટેસ્ટ આવ્યો હતો ત્યારબાદ તેઓ પણ સારવાર માટે વડોદરા ની ખાનગી હોસ્પિટલ માં ગયા હતા ત્યાં તેમનું આજે વહેલી સવારે હૃદયરોગ ના હુમલાથી અવસાન થયું હતું.

આ વાત રાજપીપળા મુસ્લિમ સમાજ માં ફેલાતા ગમગીની છવાઈ ગઈ હતી. તેમના નિવાસ સ્થાને હિન્દુ મુસ્લિમ આગેવાનો સહિત તમામ લોકો દોડી આવ્યા હતાં.યુસુફ દાઉદ સોલંકી રાજપીપળા ના મુસ્લિમ સમાજ એક સંનિષ્ઠ સમાજ સેવક હતા તેઓ ૧૯૯૫ થી રાજપીપળા નગરપાલિકા મા સક્રિય હતા નગરપાલિકા મા ૨ વાર ઉપપ્રમુખ તરીકે સેવા આપી હતી તેમના નિધન અંગે નાદોદ ના ધારાસભ્ય પી ડી વસાવા એ જણાવ્યું હતું કે રાજપીપળા ના મુસ્લિમ સમાજ નો અવાજ એટલે યુસુફ દાઉદ સોલંકી આજે સમાજ વચ્ચે થી જતા રહ્યા તેઓ નિખાલસ સ્વભાવ અને હંમેશા સમાજ પ્રત્યે તત્પર હોય ત્યારે આજે સાચો સેવક આપણી વચ્ચે નથી રહ્યો એ ખોટ હંમેશા રહેશે તેમની અંતિમયાત્રા માં ધારાસભ્ય પી ડી વસાવા,માજી પ્રમુખ ભરત વસાવા,નગરપાલિકા ના સદસ્ય મહેશ વસાવા,ડો.કમલ ચોહાણ,પૂર્વ સભ્ય નિલેશ અટોદરિયા સહિત રાજપીપળા ના મુસ્લિમ આગેવાનો સહિત તમામ સમાજ ના લોકો જોડાયા હતા.

વિદ્યાર્થીઓને રાહતના સમાચાર આજથી ઓનલાઈન શિક્ષણ શરૂ

ગાંધીનગર,તા.૨૭

ગુજરાતમાં કોરોનાને અટકાવવા માટે અનલોક ૨ જાહેર કરવામાં આવેલું છે જેમાં સ્કૂલો, જિમ સહિત ઘણી વસ્તુઓને ખોલવાની મંજૂરી આપવામાં આવી નથી. કોરોનાને કારણે સ્કૂલો પણ હાલ બંધ છે જેને લઈને હાલ વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. જોકે ત્રણ-ચાર દિવસ પહેલા ઘણી સ્કુલોએ ઓનલાઈન ભણાવવાનું બંધ કરી દીધું છે. જોકે વાલીઓની વારંવાર રજૂઆતો બાદ સોમવારથી એટલે કાલથી ગુજરાતની ૧૬ હજાર ખાનગી સ્કૂલોના ૪૩ લાખ વિદ્યાર્થીઓનું ઓનલાઈન શિક્ષણ ફરી શરૂ કરવામાં આવશે. ફી ભરી હોય કે ન ભરી હોય તમામ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવશે.ખાનગી સ્કૂલોને લોકડાઉનને કારણે ફી ન લેવાના સરકારના નિર્ણય સામે સ્કૂલ સંચાલકોએ ઓનલાઈન ક્લાસ બંધ કરી દીધા હતાં. જોકે, સરકાર પણ લડવાના મૂડમાં આવી જતાં સંચાલકોની મીટિંગમાં સોમવારથી ઓનલાઈન ક્લાસ ફરી શરૂ કરવાનો નિર્ણય કર્યો હતો.

સ્વનિર્ભર શાળા સંચાલક મહામંડળના પ્રવક્તા ડો. દિપક રાજયગુરુએ જણાવ્યું હતું કે, સરકારના ફીના નિર્ણય સામે અમે કોર્ટમાં ગયા છીએ. લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય ન બગડે તે માટે અમે સોમવારથી ઓનલાઈન ક્લાસીસ શરૂ કરીશું પરંતુ શિક્ષણ વિભાગની કોઈ કામગીરી કે પરીક્ષામાં સહકાર આપીશું નહીં.

અત્યાર સુધીમાં અમદાવાદની અગ્રણી સ્કૂલોના ૭૦ ટકા વાલીઓએ સ્કૂલની ફી ભરી દીધી છે જ્યારે ઓછી ફી ધરાવતી સ્કૂલોના ૨૦થી ૩૦ ટકા જ વાલીઓએ ફી ભરી હોય તેવું જાણીતા અખબારમાં છપાયેલા અહેવાલ દ્વારા જાણવા મળ્યું છે. વાલીઓએ સ્કૂલ સંચાલકોને જણાવ્યું હતું કે, અમે ફી ભરી છે તો શા માટે અમારા બાળકોનું ઓનલાઈન શિક્ષણ બંધ કર્યું. સરકાર કહેશે તો પણ આ વર્ષે અમારે માસ પ્રમોશન નથી જોઈતું અને ક્લાસ રિપિટેશન પણ નથી જોઈતું, અમારે શિક્ષણ જોઈએ છે. માસ પ્રમોશનમાં શિક્ષણ નબળું રહે છે.

વડોદરા શહેરમાં ધ્વનિ પ્રદૂષણ કરવા પર પ્રતિબંધ

વડોદરા તા.૨૭

જાહેર જગ્યાઓ પર લાઉડસ્પીકર, પબ્લિક એડ્રેસ સિસ્ટમ તેમજ ડિજિટલ સાઉન્ડ સિસ્ટમના ઉપયોગ પર નિયંત્રણ મૂકવો જરૂરી છે. સાધનોના અનિયંત્રિત ઉપયોગથી ધ્વનિ પ્રદૂષણ થાય છે જેની નાગરિકોના આરોગ્ય પર વિપરીત અસરો થાય છે.

ધ્વનિ પ્રદૂષણને લીધે નાગરિકોના કામમાં તેમજ વિદ્યાર્થીઓના અભ્યાસમાં અડચણ ઉભી થાય છે. સાધનોના અનિયંત્રિત ઉપયોગથી સૂલેહ ભંગ તેમજ સાંપ્રદાયિક હિંસાના બનાવો બને છે. વડોદરા પોલીસ કમિશનરે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) અન્વયે હુકમ ફરમાવ્યો છે. સાર્વજનિક જગ્યામાં વાર્જિત્ર વગાડવાથી તથા ઘોંઘાટ કરે તેવા બીજા સાધનો વગાડવા અને તેના પર નિયંત્રણ રાખવું જરૂરી છે.

ઘોંઘાટને કારણે પડોશના રહેવાસીઓને અથવા આવ-જા કરનારાઓને હરકત, અગવડ, ત્રાસ, જોખમ, ભય, નુકશાન થતું અટકાવવા ડીજે-લાઉડસ્પીકર પબ્લિક એડ્રેસ સિસ્ટમના સાધનોની ખરીદ વેચનાર-ખરીદનાર-ભાડે આપનાર ડીજે-લાઉડસ્પીકર ભાડે આપનારે જરૂરી માહિતી સ્થાનિક પોલીસ સ્ટેશનને આપવાની રહે છે. ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ના જાહેરનામામાં સુધારો કરવામાં આવ્યો છે. નિયત રજીસ્ટર નિભાવવાનું રહેશે અને ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

લાઉડ સ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્પન્ન થતાં અવાજની માત્રા જે-તે વિસ્તારની નિયત માત્રા કરતા વધવી ન જોઇએ. ખાનગી સ્થળે થતી કાર્યવાહીને કારણે જે-તે વિસ્તારની નિયત માત્રા કરતાથી વધવી ન જોઇએ. ધ્વનિ પ્રદૂષણ અટકાવવા માટે નોઇઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ તેમજ એન્વાયરમેન્ટ પ્રોટેક્શન એક્ટની જોગવાઇઓ મુજબ રાત દિવસ માટે કાયમી છે. ધ્વનિ મર્યાદા નક્કી કરતા યંત્ર મારફતે તેના ડેસિબલ્સ (અવાજ મર્યાદા) બહારનો અવાજ હોય તો ગંભીર ગુનો બને છે, જેમાં ૫ વર્ષની સજાની જોગવાઇ છે. આ જોગવાઇ લગ્નના વરઘોડા કે ધાર્મિક કાર્યક્રમને પણ લાગુ પડે છે. ઓડિટોરિયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનિટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો પર માઇક સિસ્ટમ અંદરના ભાગે વગાડવા પર પ્રતિબંધ નથી પરંતુ તેનો અવાજ સ્થળની બહાર જવો જોઇએ નહિ. ધાર્મિક સ્થળોમાં વગર પરવાનગીએ સવારે ૬ થી રાત્રે ૧૦ વાગ્યા દરમિયાન લાઉડસ્પીકર અથવા ડીજે સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે.

વડોદરા શહેરના સમગ્ર વિસ્તારમાં તા.૧૮ જુલાઇ થી તા.૧ ઓગષ્ટ-૨૦૨૦ સુધી હુકમનો અમલ કરવો, હુકમનો ભંગ કરનાર સામે ધ્વનિ પ્રદૂષણ (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ-૨૦૦૦, આઇપીસી-૨૯૦ તથા જીપી એકટ-૧૩૧ મુજબ માલિક, ભાગીદાર, મેનેજર, સંચાલક વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી તમામ માઇક સિસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

ઠપકો આપવા બદલ ગુપ્તી બતાવી મારી નાંખવાની ધમકી આપી

વડોદરા, તા.૨૭

ઠપકો આપવા બાબતે ઘરે ધસી આવેલા માથાભારે શખ્સોએગુપ્ત બતાવી જાનથી માંરી નાખવાની ધમકી ઉચ્ચારી હતી. ફતેગંજ પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર છાણી જકાતનાકા એકતાનગરમાં રહેતા કિરિટભાઇ સોલંકી કિરીટભાઇ સોલંકીના મોટાભાઇ અશોકભાઇ સોલંકીએ ભત્રીજા રજનીકાંતને લઇ જવા બદલ રવિ શર્માને ઠપકો આપ્યો હતો. તેની અદાવત રાખી રાત્રિના સમયે રવિ શર્મા તેના અન્ય બે સાગરીતો અનુપ ભાવસાર તથા સંજય સપકાલ સાથે અશોકભાઇ સોલંકીના ઘરે ધસી આવ્યો હતો. અશોકભાઇ સોલંકીને બહાર બોલાવ્યા બાદ તારે શું હતું તેમ રવિએ કહેતા તુ તુ મે મે થઇ હતી.માથાભારે ત્રિપુટીએ બિભત્સ ગાળો ભાંડી હતી ત્યાર પછી રવિ શર્માએ ગુપ્તી બતાવી અશોકભાઇ સોલંકીને જાનથી મારી નાખવાની ધમકી ઉચ્ચારી હતી.

M. P. AGRO INDUSTRIES LIMITED

Reg. Office Add: 924, 9th Floor, Fortune Tower, Sayajigunj, Vadodara - 390005
Website: www.mpagroindustries.in and www.bseindia.com
CIN: L24123GJ1975SGC106981

NOTICE

Pursuant to the Regulation 29 read with Regulation 47 of the SEBI (LODR) regulations, 2015, Notice is, hereby given that meeting of Board of Directors of the Company will be held on Thursday, the 30th July, 2020 inter alia to consider and take on record the audited Financial Results for the quarter and year ended 31st March, 2020. The said notice is also available on www.mpagroindustries.in & www.bseindia.com.

For **M. P. AGRO INDUSTRIES LIMITED**
Sd/-
(Shamim Sheikh)
Director
(DIN: 02528327)

Date: 25th July, 2020
Place : Vadodara

શહેર-જીલ્લામાં શ્રાવણીયો જુગાર રમતા ૩૫ શખ્સોની ધરપકડ : રૂા. અડધો લાખનો મુદ્દામાલ જપ્ત

વડોદરા, તા.૨૭

શહેર જીલ્લામાં શ્રાવણીયો જુગાર રમતા ૩૫ શખ્સોને રુપિયા અડધો લાખથી વધુના મુદ્દામાલ સાથે પોલીસે ધરપકડ કરી હતી. છાણી ટીપી ૧૩ રુદ્રાક્ષ ફ્લેટમાં રહેતા પરેશ મોહનભાઇ સીતાપરા પોતાના ફ્લેટમાં જુગાર રમાડે છે તેવી મળેલી બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. ફ્લેટમાં જુગાર રમતા ચાર શખ્સોને જુગાર રમતા રંગેહાથ પકડી લીધા હતા અંગ જડતી તથા દાવ પરથી રોકડા રુપીયા ૧૧ હજાર મોબાઇલ ફોન પત્તાપાના સહિત અંદાજે રુપીયા ૨૯ હજારનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. ફતેગંજ પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે પરેશ મોહનભાઇ સીતાપરા, ભાવેશ દામજીભાઇ સીતાપરા, (રહે. એફ/૫૦૨, રુદ્રાક્ષ ફ્લેટ છાણી ટીપી ૧૩) કેશવભાઇ કરશનભાઇ પાડલીયા (રહે. ૩, જલારામ સોસાયટી છાણી) તથા શૈલેષભાઇ હરીલાલ ખાંટ (રહે. જલારામ સોસાયટી છાણી)ની ધરપકડ કરી હતી.બીજા બનાવમાં ગોત્રી હરિનગર વુડામાં મંદિરના ઓટલે જુગાર રમાતો હોવાની મળેલી બાતમીના આધારે પોલીસે ઓચિંતો દરોડો પાડયો હતો જુગાર રમતા પાંચ શખ્સો પકડી લઇ પોલીસે અંગ જડતી તથા દાવ પરથી રોકડ પત્તાપાના મોબાઇલ ફોન સહીત અંદાજે રુપીયા ૧૦ હજારથી વધુ નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. ગોત્રી પોલીસે જૂગાર ધારા હેઠળ વિજય હિતેશભાઇ લુહાર (રહે. ૭, વુડા હરીનગર) પુષ્કર ચંપકલાલ ઓડ(રહે. ૧૯, વુડાના મકાન હરિનગર) પ્રશાંત દવે (રહે. ૨૭ રંગઅવધુતપુરા વુડા ગોત્રી) નારણભાઇ હીરાભાઇ તડવી (રહે. ૨૦ વુડાના મકાન હરીનગર) તથા પ્રવિણ ઉર્ફે ટીનો જીવનભાઇ નાયક (રહે. ૧૯૧, બાલાજીનગર સમતા)ની ધરપકડ કરી હતી.ત્રીજા બનાવવામાં કોયલી શામાર્કેટ પાસે ખૂલ્લી જગ્યામાં રમતા જુગાર પર પોલીસ ત્રાટક હતી. જુગાર રમતા ૭ શખ્સોને રંગેહાથ પકડી લીધા હતા અંગ જડતી તથાદાવ પરથીરોકડા રુપીયા ૧૭૦૦. મોબાઇલના પત્તા પાના સહિત અંદાજે રુપીયા સાત હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે લીધો હતો. જવાહરનગર પોલીસે જુગાર ધારા હેઠળ લખન પુનીયા દેવરા કૈલાશ નાનક ચૌહાણ, ઇન્દરસીંગ હુશન અલી, હીરાસીંગ પેરુસીંગ મેડા, જગદીશ કેલસીંગ અલાવા, ભૈરવસિંહ ઇન્દરસિંહ અલાવા, તથા જ્ઞાનસીંગ કેલસીંગ અલાવા (તમામ રહે. ખૂલ્લા મેદાન શાકમાર્કેટ પાસે કોયલ)ની ધરપકડ કરી હતી.

વડોદરા જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં શ્રાવણીયા જુગારનો ધમધમાટ શરુ થયો હતો જેમાં વડુ ગામમાં બે સ્થળોએ તથા પાદરા, અને વાઘોડીયા મળી કુલ ચાર સ્થળોએ જાહેરમાં ગેરકાયદેસર જુગાર રમતા જુગાર સ્થળે પોલીસે બાતમીના આધારે છાપાઓ મારી ૨૧ જેટલા જુગારીયાઓને ઝડપી પાડી રુ.૧૫,૮૦૦ નો જુગારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. બનાવની પ્રાપ્ત વિગત મુજબ પાદરા તાલુકાના વડુ ગામે અલગ અલગ બે સ્થળોએ જુગાર રમાય રહ્યો હોવાથી બાતમી વડુ પોલીસને મળી હતી. જેથી પોલીસે બે અલગ-અલગ ટીમ બનાવી વડુ પાસેના લોલા ગામે આવેલ આંગણવાડીની ઓસરીમા ખુલ્લી જગ્યામાં જાહેરમાં પાંચ વ્યક્તિઓ જુગાર રમવા બેઠા હતા જેની બાતમી વડું પોલીસને મળી હતી. જેથી લોલા ગામે છાપો માર્યો હતો. જેમાં પાંચને ઝડપી પાડી રુ. ૧૬૨૦નો રકમ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

તિથોર ગામે ધના તલાવડી દશા માતાજીના થાંભલ નીચે સાત જેટલા શખ્સો જુગાર રમવા ભેગા થયા હતા. આ અંગેની બાતમી વડુ પોલીસને મળી હતી. પોલીસે ઉપરોક્ત સ્થળે તે છાપો મારી જુગાર રમી રહેલા સાતેય શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા. તથા સ્થળ પરથી રોકડા રુ. ૧૧,૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પાદરા તાલુકાના થસપુરા ગામે નવી નગરી પાછળ આવેલ રલાધીલ તળાવની પાસે ખુલ્લી જગ્યામાં ત્રણ જેટલા શખ્સો જુગાર રમતા હતા એ સ્થળે પાદરા પોલીસે છાપો માર્યો હતો .

જ્યાં જુગાર રમતા ત્રણેય શખ્સો ઝડપાઇ ગયા હતા અને તેમના જુગાર સ્થળેથી રોકડા રુ.૧૩૮૦ જપ્ત કર્યો હતો.વાઘોડીયા તાલુકાના મઢેલી ગામના તળાવ કિનારે આવેલ ખુલ્લી જગ્યામાં છ જેટલા શખ્સો જુગાર રમતા હતા જે અંગેની બાતમી વાઘોડીયા પોલીસે મઠેલી ગામે છાપો માર્યો હતો જેમા છ શખ્સો ઝડપાયા હતા આ સાથે પોલીસે ૩ મોબાઇલ મળી કુલ રુ. ૫,૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

વડોદરા રેલ્વે સ્ટેશન એફએસએસએઆઈ દ્વારા ઈટ રાઈટ સ્ટેશન' પ્રમાણિત

વડોદરા તા.૨૭

તાજેતરમાં જ, ફૂડ સેફ્ટી અને ધોરણો વડોદરા ડિવિઝનના વડોદરા રેલ્વે સ્ટેશનને ફાઇવ સ્ટાર રેટીંગ સાથે ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા 'ઇટ રાઇટ સ્ટેશન' સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું. ફૂડ સેફ્ટી, હાઇજેનિક, ફૂડ મેનેજમેન્ટ સર્વિસીસ જેવા ધોરણોનું અવલોકન કરાયું હતું.



HDB FINANCIAL SERVICES એચડીબી ફાઇનાન્શિયલ સર્વિસ લિમિટેડ

રજિસ્ટર્ડ ઓફિસઃ રાધિકા, બીજો માળ, લો ગાર્ડન રોડ, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત, પિનકોડ -૩૮૦૦૦૯
શાખા કચેરીઃ બીજો માળ, મિડ વે હાઇટ્સ, SSG હૉસ્પિટલ સામા, કાલા ઘોડા, વડોદરા- ૩૯૦૦૦૧.

સરફેસી કાયદો, ૨૦૦૨ના સેક્શન ૧૩ (૨) હેઠળ ડિમાન્ડ નોટિસ

તમે, નીચે જણાવેલ લેણદારો, સહ લેણદારો અને ગેરેંટર્સ, એચડીબી ફાઇનાન્સિયલ સર્વિસીસ લિમિટેડની શાખા રાજકોટ પાસેથી લોન(નો)ની સગવડ(ઓ) તમારી સ્થાવર મિલકતો (સિક્યોરિટીઝ) ને મોર્ટગેજ કરીને મેળવી લીધી છે, તમે તમારી નાણાકીય શિસ્ત જાળવી રાખી નથી અને તેની ચુકવણીમાં ડીફોલ્ટ કરેલ છે. તમારા ડિફોલ્ટને પરિણામે તમારી લોનોને બિન-પરફોર્મિંગ એસેટ્સ તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી, લોનની ચુકવણી માટેની સિક્યોરિટીઝના સંદર્ભમાં બનાવેલ અંતર્ગત સિક્યોરિટી વ્યાજ સહિત. HDBFS પાસે બાકી લેણાંની પુનઃપ્રાપ્તિ માટેનો હક છે અને હવે સીક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શીયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઑફ સીક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે, જેની સામગ્રી પ્રકાશિત થઈ રહી છે આ સાથે કાયદાની કલમ ૧૩ (૨) મુજબ, જે વાંચવાની છે સીક્યોરિટી ઇંટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૩ (૧) સાથે અને તમારા પર લાગુ વૈકલ્પિક સેવાના માર્ગ અનુસાર. લેણદારો, સહ-લેણદારો, બાંહેધરી આપનારા, લોન, સિક્યોરિટીઝ, બાકી ઉપજતા લેણાં, કલમ ૧૩ (૨) હેઠળ મોકલવામાં આવેલી ડિમાન્ડ નોટિસ અને ત્યાં દાવો કરાયેલ રકમની વિગતો નીચે મુજબ છે.

૧. લેણદારો, સહ-લેણદારોઃ ૧. શાહ ટાયર ૨. જલ્પા જીતેન્દ્રકુમાર કાપસી ૩. જીતેન્દ્ર નગીનદાસ કાપસી, તમામ રહેવાસી છે ૩૦૨ શ્રી કોમ્પ્લેક્ષ, ૧૭આશાપુરી સોસાયટી, શ્રેણિક પાર્ક ચાર રસ્તા, અકોટા,બરોડા -૩૯૦૦૨૦ (૨) લોન એકાઉન્ટ નંબરઃ ૯૬૬૭૦૮ (૩) લોનની રકમઃ રૂ. ૬૬૮૬૦૦૦ (રૂપિયા છાંસઠ લાખ છ્યાંશી હજાર ફક્ત) (૪) સીક્યોરિટીનું વિગતવાર વર્ણનઃ મોર્ટગેજ સંપત્તિઃ - (પી ૧) પશ્ચિમ બાજુ GF પર આવેલ પર સંપત્તિ શોપનો તમામ ભાગ , બિલ્ડ અપ એરિયા ૮૬.૬૧ ચો.મીટર વલિકર પગામાં સલાટવાડાની ફુલબારીની બાજુમાં, રાવપુરાની મધ્યમાં વિભાગ બી ખાતે સ્થિત છે, ટીકા નંબર ૨૨/૨ સિટી સર્વે નંબર ૩૧/૧ /સી/ ૧ /એ/ ૧ મોજે રાઓપુરા (વડોદરા કસબા) રજી. સબ જીલ્લો વડોદરા, જિલ્લો વડોદરા. (પી ૨) ૫૫ર આવેલ પર સંપત્તિ શોપનો તમામ ભાગ , બિલ્ડ અપ એરિયા ૧૬.૩૫ ચો.મી., ચૈતન્ય બિલ્ડીંગમાં, સલાટવાડારોડ પર, એ.એસ. મોટર્સની બાજુમાં, વિભાગ બી, ટીકા નં. ૨૨/૨ સિટી સર્વે નંબર ૩૧/૧ /સી ૧૧ /એ મોજે રાઓપુરા (વડોદરા કસબા) રજી. સબ જીલ્લો વડોદરા, જિલ્લો વડોદરા. (૫) ડીમાન્ડ નોટિસની તારીખઃ ૨૨ મી જૂન, ૨૦૨૦ (૬) બાકી રકમ રૂ. ૯૩૪૭૦૩૯.૦૪ (રુપિયા ત્રણ લાખ સુડતાલીસ હજાર ઓગણચાલીસ રુપિયા અને ફક્ત ચાર પૈસા) ૧૮ જૂન, ૨૦૨૦ સુધી અને ભાવિ કોન્ટ્રાક્ચ્યુઅલ વ્યાજ, આકસ્મિક ખર્ચ,કિંમત અને શુલ્ક વગેરે સહિત વાસ્તવિક રિયલાઇઝેશન સુધી.

૨. લેણદારો, સહ-લેણદારોઃ ૧. ભવ્યા બ્યૂટી સલુન ૨. કલ્પના સુરેશ રોચવાણી ૩. સુરેશ લોકુમલ રોચવાણી ૪. પ્રતિક સુરેશ રોચવાણી તમામ રહેવાસી છે (એ) એફએફ -૧૦૪ કે પી ઈન્ફીનીટી સામે. યશ બેંક, આઈનોક્સ રોડ, રેસ કોર્સ વડોદરા -૩૯૦૦૦૭. (બી) એ -૧૦૧ એરીઝ પ્રાઇડ -૩ સરસ્વતી સોસાયટી. વાસણા રોડ, વાસણા વડોદરા-૩૯૦૦૦૭. (૨) લોન એકાઉન્ટ નંબરઃ ૨૫૨૬૬૪૧ (૩) લોનની રકમઃ રૂ. ૬૬૩૦૦૦૦ (રૂપિયા છાંસઠલાખ ત્રીસહજાર ફક્ત (૪) સીક્યોરિટીનું વિગતવાર વર્ણનઃ મોર્ટગેજ સંપત્તિઃ -એ -૧૦૧ એરીઝ પ્રાઇડ -૩ સરસ્વતી સોસાયટી. વાસણા રોડ, વાસણા વડોદરા-૩૯૦૦૦૭.(૫) ડીમાન્ડ નોટિસની તારીખ : ૭ મી જુલાઈ, ૨૦૨૦ (૬) બાકી રકમ રુ. ૭૯૯૪૬૬૬.૪૧ (રૂપિયા ઓગણ્યાએંશી લાખ ચોરાણુ હજાર છસો છેંતાલીસ અને એકતાલીસ પૈસા) તારીખ ૦૧ જુલાઈ, ૨૦૨૦ સુધી અને ભાવિ કોન્ટ્રાક્ચ્યુઅલ વ્યાજ, આકસ્મિક ખર્ચ,કિંમત અને શુલ્ક વગેરે સહિત વાસ્તવિક રિયલાઈઝેશન સુધી.

૧. લેણદારો અને સહ-લેણદારો / ગેરંટરોએ ઉપરોક્ત માંગેલી રકમની લાગુ પડતા વધારાના વ્યાજ સહિત ચુકવણી સાથે આ નોટિસના ૬૦ દિવસની અંદર પૂર્ણપણે કરવાનું જણાવવામાં આવે છે, જે કરવામાં નિષ્ફળ જવાના સંજોગોમાં HDBFS ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીને ઉપરોક્ત સિક્યોરિટીઝ લાગુ કરવા માટે કાયદા હેઠળ કાર્યવાહી કરવાની ફરજ પડશે. મહેરબાની કરીને નોંધશો કે, ઉપરોક્ત ઉલ્લેખિત અધિનિયમની કલમ ૧૩(૧૩) અનુસાર, (૨) મોર્ગેજ રાખનારાઓ ઉપર જણાવેલ સિક્યોરિટીઝને વેચાણ, લીઝ, રજા અને લાઈસેંસ દ્વારા અથવા અન્યથા એચડીબીએફએસની સંમતિ વિના સ્થાનાંતરિત કરવા માટે પ્રતિબંધિત છે. ૩. કોઈ પ્રશ્ન અથવા સંપૂર્ણ અને અંતિમ સમાધાન માટે કૃપા કરીને સંપર્ક કરોઃ શ્રી જીગ્નેશ દવે, મોબાઈલ નંબરઃ ૦૭૦૪૩૦૪૨૨૯૮, અધિકૃત અધિકારી અથવા શ્રી ગિરરાજ પરાશર મોબાઈલ નંબર ૭૬૦૦૦૦૯૩૮૮ HDB ફાઇનાન્સિયલ સર્વિસીસ

સ્થળઃ વડોદરા
તા.: ૨૮.૦૭.૨૦૨૦

સદ વતી, એચડીબી ફાયનાન્શિયલ સર્વિસેસ લિમિટેડ
અધિકૃત અધિકારી

છોટાઉદેપુર ફતેપુરા હાઈવે ઉપર ઈંટો ભરેલ ટેકટર ચાલકે બાઈકને અડફેટે લેતા એકનું મોત

(પ્રતિનિધિ)છોટાઉદેપુર,તા.૨૭

છોટાઉદેપુર નગરના ફતેપુરા પાસે એક ઈંટો ભરેલ ટ્રેક્ટર ચાલકે બાઈક સવારને અડફેટે લેતા બે ઇસમોને ગંભીર ઈજાઓ થઇ હતી સાદર ઘટના સ્થળ ઉપર ૧૦૮ ને કોલ કર્યા પછી પણ નહી આવતા વધુ એક વાર ૧૦૮ સેવાની ટીકાઓ થઇ હતી કારણકે ઈજાગ્રસ્તોને અતિ ગંભીર ઈજાઓ હતી અને ૧૦૮ ની જરૂર હતી પરંતુ નહિ આવતા મોડેથી ખાનગી એમ્બ્યુલન્સ બોલાવી સરકારી હોસ્પીટલમાં રીફર કરાયાહતા બન્નેવ બાઈક સવાર ઈજાગ્રસ્ત થતાં એકની ગંભીરહાલત થતા વડોદરા રીફર કરવામાં આવ્યા હતો જ્યાં સારવાર દરમ્યાન એક બાળકનું મૃત્યું થયું હતું અત્રે નોંધનીય છે કે અકસ્માત કરનાર ટ્રેક્ટર ચાલકની ઉમર ૧૮ વર્ષ કરના નાની હોવાનું પ્રત્યક્ષ દરશીએ જણાવ્યું હતું આવા શીખાઉ ચાલકો સામે પોલીસ ધરપકડ કરી અને સખત પગલાં લે તેવી મૃતકના પરિજનોએ માંગ કરી હતી

સાવલીમાં કોરોનાવાયરસ વકર્યો કોરોનાથી એડવોકેટ દિપકભાઈનું મોત નીપજતા ગામમાં ગભરાટ

(પ્રતિનિધિ) સાવલી,તા.૨૭

સાવલી તાલુકા માં પ્રથમ કોરોના દર્દી નું મૃત્યુ થતાં સમગ્ર તાલુકામાં ભારે ગભરાટની લાગણી પ્રસરી ગઇ છેજ્યારે ધારાસભ્ય કેતન ઈનામદાર ના ભાભી નો રિપોર્ટ પોઝિટિવ આવતા તેઓને હોમ કોર્નટાઇન કરવામાં આવ્યા છે આમ ઇનામદાર પરિવાર માં ડ્રાઈવર સહિત ૬ ઈસમો પોઝિટિવ આવ્યા છે.જાણવા મળ્યા પ્રમાણે સાવલી તાલુકાની કોર્ટ સંકુલમાં ૬૪ વર્ષીય દીપકભાઈ દવે વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલા હતા છેલ્લા પાંચ-છ દિવસથી તેઓ અને તેઓના પૂત્ર કોરોના થી સંક્રમિત થયા હતા અને વડોદરા ખાતે ખાનગી હોસ્પિટલમાં સારવાર લઇ રહ્યા હતા તેવા માં ગત સાંજે ૬૪ વર્ષીય દિપક એડવોક્ટ દીપકભાઈ દવે નું કરૂણ મૃત્યુ નિપજતા કોર્ટ વર્તુળોમાં તેમજ સમગ્ર તાલુકામાં ભારે ફફડાટની લાગણી પ્રસરી ગઇ છે સાવલી તાલુકામાં અત્યાર સુધી ૬૦ જેટલા કોરોના પોઝિટિવ કેસો નોંધાવા પામ્યા છે અને તંત્ર દ્વારા વિવિધ સારવાર તેમજ મેડીકલ સહાય પગલે મોટાભાગના પોઝિટિવ દર્દીઓ સાજા થઈને પરત ઘરે ફરીને પોતપોતાના કામમાં જોતરાઈ ગયા છે તેવામાં તાલુકામાં પોતાના મૃદુ સ્વભાવ થી તાલુકા જનોમાં વિશેષ સ્થાન ધરાવનાર દીપકભાઈ દવે વકીલ નું મૃત્યુ થતાં તાલુકા જનોમાં ભારે ડર નીલાગણી પ્રસરી ગઇ છે અને કોરોના ના પગલે પ્રથમ મૃત્યુ નો કિસ્સો નોંધાવા પામ્યો છે અને તાલુકાના વકીલ વર્તુળોમાં પણ ભારે શોકનું મોજું ફરી વળ્યુંછેજ્યારે બીજી બાજુ ધારાસભ્ય કેતન ઇનામદાર ના પરિવારમાંથી આજે તેમના નાના ભાઈ સંદીપ ઈનામદાર ના પત્ની મોનાલીબેન ઈમાનદાર નો રિપોર્ટ પણ પોઝિટિવ આવતા તેઓને તંત્ર દ્વારા હોમ કવોરાંતાઈન કરાયા છે આમ ધારાસભ્યના પરિવારમાં તેમના પુત્ર ભત્રીજા તેઓ ખુદ તેમના ભાભી અને ભાણિયા તેમજ ડ્રાઈવર સહિત કુલ છ જનનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. આમ સાવલીમાં ઉપરા છાપરી કેસો મળી આવતાં તંત્ર દ્વારા વિવિધ પ્રકારના સેમ્પલ લઈ લોકો માં ડર ની લાગણી દૂર કરવા કવાયત હાથ ધરી છે

**INEOS STYROLUT